પોલીસ વેલ્ફેર ફંડ હેઠળની કેટલીક પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે સમિતિની રચના કરવા અંગે.

ગૃહ વિભાગ
ગુજરાત સરકાર,
સરકારી ઠરાવ ક્રમાંક: પીડબલ્યુએફ-૧૦૮૯-૩૬૬૧-ટ,
૨, સરદાર ભવન (બીજો માળ),
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 31-1-91

<u>ઠ રા વ :-</u>

પોલીસ કર્મચારીઓના કુટુંબને સવલતો પૂરી પાડવાના હેતુસર પોલીસ વેલ્ફેર ફંડની સ્થાપના કરેલ છે. પોલીસ વેલ્ફેર ફંડ માટે નાણાં ઉપલબ્ધીના સ્ત્રોતો ગુજરાત પોલીસ મેન્યુઅલના નિયમ ૨૫૬(૨) નીચે દર્શાવવામાં આવેલ છે. પોલીસ વેલ્ફેર ફંડ હેઠળ હાથ ધરવામાં આવતી પ્રવૃત્તિઓની વિગતો ગુજરાત પોલીસ મેન્યુઅલ, વોલ્યુમ-૧ ના નિયમ ૨૫૭ (૧) નીચે આપવામાં આવેલ છે.

એવું જોવામાં આવેલ છે કે નિયત કરેલ પ્રવૃત્તિઓ અને અન્ય નવીન પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે જરૂરી નાણાકીય ખર્ચ કરવાની દરખાસ્તો સરકારની મંજૂરી અર્થે મોકલવામાં આવે છે. પરંતુ વહીવટી કારણોસર જે તે નાણાકીય વર્ષ દરમ્યાન મંજૂરીના અભાવે જરૂરીયાત હોવા છતાં આ પ્રવૃત્તિઓ હાથ ધરી શકાતી નથી. પરિણામે વેલ્ફેર ફંડની જોગવાઈનો ઉપયોગ જે તે વર્ષે થઈ શકતો નથી. આ પરિસ્થિતિ નિવારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે, પોલીસ વેલ્ફેર ફંડમાંથી ઉપર દર્શાવ્યા પ્રમાણેની પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે મંજૂરી આપવાની કામગીરી માટે નીચે જણાવ્યા પ્રમાણેની એક સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

| | |
|---|---|
| પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ. | |
| સચિવશ્રી, ખર્ચ, નાણાં વિભાગ | – અધ્યક્ષ |
| મુખ્ય પોલીસ અધિકારીશ્રી (વહીવટ) | – સભ્ય |
| પોલીસ કલ્યાણનો હવાલો સંભાળતા ખાસ / નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રી | – સભ્ય |
| | – સભ્ય સચિવ |

..૨..

૫૦

(૨)

આ સમિતિને પોલીસ વેલ્ફેર ફંડ ભંડોળની જોગવાઈમાંથી રોકાણ કરવા, વાર્ષિક હિસાબો પૂર્ણ કરવા અને સદર ફંડમાંથી ખર્ચ કરવા અધિકૃત કરવામાં આવે છે. આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે.

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પરની સચિવશ્રી, ખર્ચ, નાણાં વિભાગની તા. ૧૩-૧૨-૯૦ તેમજ અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, ગાંધીનગરની તા. ૧૫-૧૨-૯૦ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર
ઉપ સચિવ
ગૃહ વિભાગ.

પ્રતિ,
પોલીસ મહા નિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- બધા ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ
- બધા નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રીઓ
- બધા જિલ્લા પોલીસ અધિકારીશ્રીઓ
- બધા પોલીસ કમિશ્નરશ્રીઓ.
- બધા સેનાપતિઓ, રાજ્ય અનામત પોલીસ દળ
- સેકશન અધિકારીશ્રી / ર-શાખા, સચિવાલય; ગાંધીનગર.
- શાખા સીલેકટ ફાઈલ.
- પદનીશ સીલેકટ ફાઈલ.

મહેતા/૨૯/૧/૯૧.